# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ,આકાશવાણી, અમદાવાદ

**Date : 20-03-2026** **Midday : 2.30 to 2.35 pm**

**Day : FRIDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

---

(સમાચારને અંતે)

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતા આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

---------------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# JAL JIVAN MOU

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં જલ જીવન મિશનના બીજા તબક્કા અંતર્ગત કેન્દ્ર અને રાજ્ય સરકાર વચ્ચે મહત્વના સમજૂતી કરાર-MOU થયા છે.

તે અંતર્ગત પાણી પુરવઠા યોજનાઓ સમયસર અને ગુણવત્તાપૂર્વક પૂર્ણ કરી ગ્રામ પંચાયતોને સોંપવી, કાર્યરીતિ અને નિભાવણી સુનિશ્ચિત કરવી, ગામ સ્તરે વિલેજ વોટર એન્ડ સેનિટેશન કમિટિ દ્વારા પાણી વ્યવસ્થાનું સંચાલન, પાણી સ્ત્રોતોની લાંબા ગાળાની સુરક્ષા અને સસ્ટેનેબિલિટી પર ભાર મૂકવો વગેરે બાબતોનો સમાવેશ થાય છે.

આ MOU હેઠળ કેન્દ્ર અને રાજ્ય સરકારોની જવાબદારીઓ પણ સ્પષ્ટ કરવામાં આવી છે. કેન્દ્ર સરકાર માર્ગદર્શન, ફંડિંગ અને મોનીટરીંગ કરશે, જ્યારે રાજ્ય સરકાર અમલીકરણ, નીતિ સુધારા અને ટેકનિકલ સપોર્ટની જવાબદારી નિભાવશે.

# CM CII GUJARAT

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે અમદાવાદ ખાતે ભારતીય ઉદ્યોગ સંઘ-CII ગુજરાતની વાર્ષિક સભા અને Gujarat @ 1 Trillion Dollar Economy by 2030 પરિષદમાં ઉપસ્થિત રહ્યા.આ પ્રસંગે તેમણે જણાવ્યું હતું કે ગુજરાત વૈશ્વિક રોકાણકારોની પ્રથમ પસંદગીનું સ્થળ બન્યું છે.

બાઇટ : ભૂપેન્દ્ર પટેલ - મુખ્યમંત્રી

# GUJARAT ELECTION

રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે. ત્યારે મતદાર યાદી પણ તૈયાર કરી દેવાઈ છે જે 23 માર્ચે પ્રસિદ્ધ કરાશે. ઉપરાંત રાજ્ય ચૂંટણી આયોગે મતદાન મથકોની યાદી તૈયાર કરવા પણ સૂચના આપી છે. જેમાં મતદાન મથકોના સ્થળ, વિસ્તાર અને મતદારોની સંખ્યા નક્કી કરવા પણ નિર્દેશ અપાયા છે.તે માટે જિલ્લા અને શહેર ચૂંટણી અધિકારીઓને જવાબદારી સોંપાઈ.

# WEATHER NUKSAN

રાજ્યમાં ગઇકાલે વાવાઝોડા સાથે થયેલા માવઠાથી અનેક વિસ્તારમાં નુકસાનના અહેવાલ છે. વિવિધ જિલ્લામાં પાકને નુકસાન તેમજ વૃક્ષો ધરાશાયી થયા.ભાવનગર જિલ્લાના પાલીતાણામાં વૃક્ષની ડાળી પડતા એક વ્યક્તિનું મોત થયાના અહેવાલ મળ્યા હતા.ઉપરાંત ભારે પવનો ફૂંકાતા જિલ્લાના 323 ગામોમાં વીજ પુરવઠો ખોરવાયો હતો.

મહેસાણાના બહુચરાજીમાં હાસલપુર ગામમાં વાવાઝોડા દરમિયાન કાચા મકાનના પતરા અને લોંખડની મોટી એંગલ પડતા 65 વર્ષીય મહિલાનું મૃત્યુ થયું હોવાના અહેવાલ છે.અમારાં મહેસાણાના પ્રતિનિધિના જણાવ્યા પ્રમાણે ભારે પવનથી મોટા હોડીગ્સ તૂટી ગયા તેમજ બે પોલ પણ પડી ગયા હતા.મહેસાણાના નજીક આવેલ કુક્સ ગામે ભારે પવનને કારણે વીજ વાયર અથડાતા તેના તળખા નીચે પડતા ઘઉંનો પાક સળગી ગયો.જ્યારે ઘઉં વરિયાળી જીરા તેમજ દિવેલાના પાકને નુકશાન થયું છે.

ભરૂચ જિલ્લામાં હાંસોટ અને અંકલેશ્વરમાં આવેલી આંબાવાડીને નુકસાન પહોંચ્યું હતું તે અંગે એક ખેડૂતે પ્રતિક્રિયા આપી.

(બાઇટ : ખેડૂત)

બનાસકાંઠા જિલ્લામાં પણ કમોસમી વરસાદને કારણે ખેડૂતોની ચિંતામાં વધારો થયો છે.તૈયાર પાક પલળી જવાથી ખેડૂતોને આર્થિક નુકસાન થવાની શક્યતા છે.ખેડૂતો જણાવે છે કે કમોસમી વરસાદ બાદ રવિ પાક ઘઉં, જીરું, તમાકુ ,વરિયાળી સહિતના વિવિધ પાકને નુકસાન થયું છે.

# ભુકંપ

ભાવનગરમાં ગઈ રાત્રે આશરે સાડા બાર વાગ્યે ૩ ની તિવ્રતાનો ભુકંપ નોંધાયો હતો. જો કે મહુવાથી ૩૦ કી.મી. ઉતર પશ્રિમ દિશાએ આવેલા આ ભૂકંપથી નુકશાની કે જાનહાની થયાના કોઈ અહેવાલ નથી.

# World Sparrow Day

વિશ્વ ચકલી દિવસ નિમિત્તે આજે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ૩૫૦૦ માળા અને ૨૦૦૦ પાણીના કુંડાનું વિતરણ કરાયું.આ અવસરે પ્રાસંગિક ઉદબોધન કરતા ધારાસભ્ય ડૉ. દર્શિતાબેન શાહે જણાવ્યું કે, રાજકોટ મહાનગરપાલિકા દ્વારા છેલ્લા ૧૬ વર્ષથી સતત વિશ્વ ચકલી દિવસની ઉજવણી કરવામાં આવે છે, જે આપણા શહેરની પર્યાવરણ પ્રત્યેની પ્રતિબદ્ધતાનું પ્રતિક છે.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આયોજિત આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ નાગરિકોમાં ચકલી પ્રત્યે લાગણી અને જવાબદારીનો ભાવ જગાવવાનો તેમજ પર્યાવરણની જાળવણી માટે લોકોમાં જાગૃતિ લાવવાનો છે.

મહેસાણા જિલ્લામાં પાણીના કુંડા અને માળાનું નિઃશુલ્ક વિતરણ કરીને ચકલી બચાવવાનો પ્રયાસ થઈ રહ્યો છે.

ડાંગના આહવા બસ સ્ટોપ ખાતે ઉનાળાની આકરી ગરમીમાં અબોલ પક્ષીઓને પીવાનું પાણી આસાનીથી મળી રહે તેવા આશયથી કુંડા વિતરણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. ભારતીય જનતા પાર્ટીના યુવા મોરચા દ્વારા આજથી ૬ એપ્રિલ સુધી ડાંગ જિલ્લાના વિવિધ સ્થળોએ 3000 થી વધુ કુંડાનું વિતરણ કરાશે.